**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૩૨ ટકા

# શહેરના મોલ ધારકો દ્વારા બંધના હુકમની અવગણના

## આજે શહેરના તમામ મોલ ખુલ્લા જોવા મળ્યા : અમુક મોલમાં માસ્ક વિતરણ અથવા સેનિટાયઝેશનની વ્યવસ્થા જોવા મળી

ગાંધીનગર, તા.૧૬

કોરોના વાયરસના વધતા જતા ફેલાવાને કારણે ગુજરાત સરકારના નિર્ણય મુજબ રાજયમાં બે સપ્તાહ સુધી શાળા, કોલેજો, મોલ અને થિએટર સાથે સ્વિમિંગ પુલ બે અઠવાડિયા સુધી બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે જે સદર્ભે આજે શહેરની તમામ શાળા કોલેજો ખાલી જોવા મળી હતી તથા થિએટર અને સ્વિમીંગ પુલ પણ બંધ હતા પરંતુ શહેરના તમામ મોલ ખુલ્લા જોવા મળ્યા હતા આ ઉપરાંત અમુક મોલની બહાર કોરોના પ્રોટેકશન કીટ આપ્યા બાદ જ ગ્રાહકોને એન્ટ્રી મળી રહી હતી.





ગુજરાત સરકારના કોરોના વાયરસના પગલે જાહેર કરેલા કડક નિયમના પગલે શહેરના શાળા-કોલેજ, થિએટર તથા રમતગમતના મેદાનો ખાલી જોવા મળ્યા હતા. આ ઉપરાંત આવનાર દિવસોમાં યોજાનાર કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છેકે ગુજરાત બોર્ડ દ્વારા લેવાઈરહેલી બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવી હતી પરંતુ શહેરના દરેક મોલ ડી માર્ટ, ઓશિયા, સિટી સ્કવેર, વી-માર્ટ ખુલ્લા જોવા મળ્યા હતા. ડી માર્ટમાં ગ્રાહકોને એન્ટ્રી કરતાં ચેકીંગ કરીને જ અંદર જવા દેવામાં આવી રહ્યા હતા સાથે મોલની બહાર અને મોલની સીડીમાં સેનિટાયઝરની વ્યવસ્થા કરાઈ હતી. સાથે મોલમાં કામ કરતા વર્કર્સ માસ્ક પહેરેલા નજરે ચઢયા હતા.

સીટી સ્કેવર મોલ અને વી-માર્ટ પણ સવારથી જ ખુલ્લા જોવા મળ્યા હતા. આ ઉપરાંત સે-૨૧ સ્થિત ઓશિયા મોલમાં એન્ટ્રી ગેટ પર જ કોરેના પ્રોટેકશન કીટ ગ્રાહકોને આપવામાં આવી રહી હતી. જેમાં માસ્ક અને સેનિટાયઝરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેથી ગ્રાહકો માસ્ક અને સેનિટાયઝરના ઉપયોગથી કોરોના પ્રોટેકશન મેળવીને આસાનીથી ખરીદી કરી શકે. મોલના કર્મચારીઓના જણાવ્યા અનુસાર શહેરના તમામ મોલધારીઓએ યુનિટીમાં જ મોલને ખુલ્લા રાખવામાં આવ્યા છે. સાથે જો સરકાર તરફથી તાત્કાલિક કોઈ આદેશ આવે તો તુરંત આ બાબતે પગલા લેવાની તૈયારી પણ બતાવવામાં આવી હતી.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**અંગ્રેઝી મીડિયમ**
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫
**બ્લડ શૂટ**
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫
**બાઘી-૩**
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫
**થપ્પડ**
૭.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧.૪૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**અંગ્રેઝી મીડિયમ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫
**બાગી-૩**
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧.૧૦, ૭.૩૦
**બ્લડ શુટ**
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**અંગ્રેઝી મીડિયમ**
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
**બ્લડ શૂટ**
૧૦.૧૫, ૧૨.૩૦, ૫.૩૦, ૭.૪૫
**બાઘી-૩**
૨.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
**થપ્પડ**
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦

## સાંઈબાબા મંદિર સેકટર-૩ ૧૯ અને ૨૬મી માર્ચના રોજ બંધ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સેકટર-૩માં આવેલ સુવિખ્યાત સાંઈબાબા મંદિર તા. ૧૯મી માર્ચ અને તા.૨૬મી માર્ચના ગુરુવારના રોજ સંપૂર્ણ પણે બંધ રહેશે જેની દર્શનાર્થીઓ ભાવિકોએ ખાસ નોંધ લેવા વિનંતી છે. પ્રવર્તમાન સ્થિતિમાં આપનો સહકાર આપવા પ્રમુખ નરેન્દ્રભાઈ શાહે જણાવેલ છે.





ગાંધીનગર સેક્ટર - ૧૬ ખાતે આવેલી શ્રમજીવી વસાહતમાં સર્વ નેતૃત્વના યુવાનો મિશન વિદ્યા દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે. અહીં નાની મોટી જરૂરિયાત પુરી પાડતા એક સેવાભાવીના ચાર વર્ષના દીકરા અયાનનો જન્મ દિવસ એમણે આ બાળકો વચ્ચે ઉજવ્યો હતો. સમગ્ર વસાહતના અભ્યાસ ક્ષેત્રને શણગારવામાં આવ્યો અને હાથલારી પર બેઠક અને કેક કાપવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સૌ બાળકોને કેક, પોપકોર્ન, ઈડલીનો નાસ્તો આપવામાં આવ્યો અને બાળકોએ 'હેપ્પી બર્થ ડે ટુ યુ...' ગીત સાથે બર્થ ડે બોય અયાનને શુભકામનાઓ આપી હતી. આ કાર્યક્રમમાં હની પટેલ અને અર્ચ પ્રજાપતિ સહિત સૌ મિશન વિદ્યાના સોલ્જરે સેવાઓ આપી હતી.

## સ્વધારગૃહ ખાતે માનસિક સ્વાસ્થ્યની સમજણ અંગે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સ્વધારગૃહ નારી સંરક્ષણ ગૃહ ખાતે રાષ્ટ્રીય માનસિક આરોગ્ય પ્રોગ્રામ અંતર્ગત જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના વિમળાબેન અપાચી, વીધીબેન મોદી અને ડૉ. નીરૂબેન ચૌધરી દ્વારા આજના યુગમાં માનસિક તણાવ, ડિપ્રેશન, આત્મહત્યા, છૂટાછેડાને ધ્યાનમાં રાખી માનસિક સ્વાસ્થ્યની જાગૃતતા ફેલાવા અંગેની સમજણ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ પ્રોજેકટ સ્ટોર સેન્ટર તેમજ વિવિધલક્ષીનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં વૈશાલીબેન જોષી, શર્મિષ્ઠાબેન દવે તેમજ સંસ્થાના સ્ટાફ અને આશ્રિત બહેનોનો પૂરતો સહયોગ રહ્યો હતો.



## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૬

આંતરરાષ્ટ્રીય મહિલા વીક નિમિત્તે સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્ત્રી દાક્ષીણ્ય, નારી શકિત અને સમાજમાં સ્ત્રીના સમાન દરજ્જા આપવા સાથે રોજબરોજમાં ખાણી પીણીની ટેવો સુધારી પરિવારને તાજો અને પૌષ્ટિક આહાર આપવા જેવી બાબતો માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં દિનેશભાઈ વ્યાસ, જગદીશભાઈ ગોર, ડૉ.ચેતના બુચ, વિશાખાબેન દવે, ડૉ. આશાબેન પટેલ, હિરલબેન જોષી, ઉષાબેન પટેલ, ઈન્દુમતિબેન નિમાવત, હર્ષાબા ધાંધલએ ખાસ હાજરી આપી હતી. ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાના પ્રમુખ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રતિમાબેન દવે અને અલ્પાબેન ગોર દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાની કમિટીની સર્વે બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશિષ્ટ જહેમત ઉઠાવી હતી.

## કાનુની સમિતિના વોલેયન્ટર્સ માટે અરજી કરવા જોગ

ગાંધીનગર, તા.૧૬

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્લી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદના જણાવ્યા અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તેમજ તાલુકા કાનુની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગર દ્વારા આગામી વર્ષ ૨૦૨૦-૨૧ અન્વયે પારા લીગલ વોલેયન્ટર્સની નિમણુંક કરવાની છે. જે સંદર્ભે જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ જે લોકો સામાજીક સંસ્થા સાથે સંકળાયેલા હોય તેમજ સામાજીક સેવા કરવા ઈચ્છુક હોય તેઓએ જિલ્લા કક્ષા માટે રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીમાં વિગતવાર ભરી પરત જમા કરાવવું તેમજ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગર તાલુકા કક્ષા માટે જે તે તાલુકા કાનુની સેવા સમિતિ કે જેની ઓફીસ જે તે તાલુકામાં કાર્યરત તાલુકા કોર્ટમાં આવેલી છે ત્યાં સંપર્ક કરવા સચિવ પી.એસ. રાઠોડ દ્વારા જણાવાયું છે.

## કોલવડા ખાતે 'ચરેડી ક્રિકેટ ગ્રાઉન્ડ'નું ઉદઘાટન



ભારત સરકારનાં ફિટ ઈન્ડિયા કાર્યક્રમને સાકાર કરવા માટે ૧૫મી માર્ચ ૨૦૨૦ના રોજ કોલવડા ખાતે અંદાજે સવા લાખના ખર્ચે નવનિર્મિત 'ચરેડી ક્રિકેટ ગ્રાઉન્ડ'નું ઉદઘાટન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તથા ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ, ડે.સરપંચ, તાલુકા સદસ્ય, ગ્રામ પંચાયતના સદસ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સદર મેદાન ગામના સર્વસમાજના યુવાઓ દ્વારા પોતાના આર્થિક યોગદાન તેમજ ગામના ઉત્સાહી લોકોના સહયોગથી તૈયાર કરવામાં આવેલ છે. આ તબક્કે ગામના વેટરન્સ ખેલાડીઓની એક પ્રદર્શન ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત સદસ્ય દિનેશજી ઠાકોરના જણાવ્યા અનુસાર ગામના યુવાઓ મેદાનનો ઉપયોગ વિવિધ પોલીસ ભરતી તેમજ વિવિધ રમતો માટે કરી શકશે.

## ચિરવિદાય

● સ્વ. ચંદુલાલ બાબુલાલ શુકલ, ઉ.વ. ૮૦

## સેકટર-૨૪ સરકારી પ્રાથમિક શાળામાં જુગાર રમતા ૩ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ સરકારી પ્રાથમિક શાળામાં ખુલ્લા મેદાનમાં જુગાર રમતા ત્રણ જુગારીઓને સેકટર-૨૧ પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૧ પોલીસના જવાનો પેટ્રોલીગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે સે-૨૪ સરકારી પ્રાથમિક શાળામાં જુગાર રમાઈ રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈને રેઈડ કરતા ગોવિંદબાબુ મારવાડી રહે. સે-૨૪ સાંઈબાબા છાપરા, કેશાજી ઉકાજી મારવાડી રહે. મ.નં. ૧૨૧ સે-૨૫ સહકાર કોલોની તેમજ અશોકભાઈ કરશનને પોલીસે પકડી અંગજડતી લેતા રૂ. ૧૧૪૦ તેમજ દાવ પરથી રોકડ રૂ. ૩૪૦ મળીને કુલ રૂ. ૧૪૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સે-૩માંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટ૩-૩ ચર્ચ પાસેથી ક્રિકેટ મેચ પર લાઈવ સટ્ટો રમાતા યુવાનને સેકટર-૭ પોલીસે પકડી પાડયો હતો. મોબાઈલ ફોનમાં યુવાન DIAMOND EXCH એપ્લીકેશનથી પાકિસ્તાન સુપરલીંકની કવોટા ગ્લેડીયેટર્સ વિરુધ્ધ કરાચી કિંગ્સ મેચ પર લાઈવ રન, ઓવર પર ભાવતાલ સોદા કરી સટ્ટો રમાડતો હતો. પોલીસે તેની પાસેથી મોબાઈલ ફોન નં. ૧ કિ. રૂ. ૧૦૦૦૦ અને અંગજડતી દરમિયાન રૂ. ૩૫૦૦ મળીને કુલ રૂ. ૧૩,૫૦૦નો મુદામાલ સાથે યુવાનો પકડી પાડી જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૭ પોલીસ મથકના જવાનો પોલીસ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સેકટર-૩ ખાતે આવી પહોંચ્યા હતા તે સમયે પો.કો. બેચરભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૩ ચર્ચ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં મોબાઈલ ફોન પર ક્રિકેટ સટ્ટો રમાડી રહ્યો છે તેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા સેકટર-૩-સી પ્લોટ નં. ૩૫૬/૨ ખાતે રહેતો નિરવ કેશવલાલ પરમાર ઉ.વ. ૩૩ હોવાનું માલુમ પડયું હતું. પોલીસે મોબાઈલ ચેક કરતા DIAMOND EXCH એપ્લીકેશન ચાલુ હતી. તેમાં પાકિસ્તાન સુપરલીંકની કવોટ ગ્લેડીયેટર્સ વી/એસ કરાંચી કિંગ્સ મેચ પર રન-ઓવર ભાવતાલ, સોદા કરેલું કોષ્ટક મળી આવ્યું હતું. જેમાં સેશન્સના અલગ અલગ સોદા કરેલા હતા. પોલીસે યુવાનની અંગજડતી લેતા રૂ. ૩૫૦૦ તેમજ મોબાઈલ કિં. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૧૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોરોનાના 'બંધ'ને પગલે શહેરની શાળા-કોલેજોની હોસ્ટેલ ખાલી









ગાંધીનગર, તા. ૧૬

કોરોના વાયરસના ભયને લીધે સરકાર દ્વારા તા. ૧૬ થી ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. જેને પગલે આજરોજ શાળા-કોલેજની હોસ્ટેલમાં વાલી અને વિદ્યાર્થીઓની ભીડ જોવા મળી હતી. સાથે બસસ્ટેન્ડ પણ ઘરે પરત ફરતા વિદ્યાર્થીઓથી ભરેલા જોવા મળ્યા હતા.

જિલ્લાની લગભગ ૧૫૦૦ જેટલી શાળા-કોલેજો કોરાના વાયરસને લીધે બંધ થતા બહારગામથી શહેરમાં ભણવા આવેલા વિદ્યાર્થીઓએ તુરંત જ ઘરે પરત ફરવાનો વારો આવ્યો હતો. હોસ્ટેલમાં વાલીઓની ભીડ જામી હતી. પોતાના બાળકને ઘરે લઈ પરત જવા વાલીઓ તલપાપડ થયા હતા. વિદ્યાર્થીને પરત જવાની સહી કરવા માટે હોસ્ટેલની બહાર સુધી લાઈનો જોવા મળી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને હવે આવતા દિવસોમાં પરીક્ષા આવતી હોવાથી વેકેશન મળ્યુ હોવાથી વાંચવાનું વેકેશન મળ્યુ હોય તે બાબતની ખુશી જોવા મળી હતી.

શહેરની હોસ્ટેલની બહાર રીક્ષા, ટેક્સી અને વાલીઓના વાહનોથી ટ્રાફિક પણ સર્જાયો હતો. શહેરના બસસ્ટેશનમાં વિદ્યાર્થીઓની ભીડ જોવા મળી હતી. ઓછામાં ઓછા ૧૫ દિવસના વેકેશનને લીધે વિદ્યાર્થીઓ પૂરતો સામાન લઈને ઘરે જતા હોવાથી બસમાં ચઢતી વખતે પણ ભીડભાડ વધી ગઈ હતી.